# વાર્ષિક માસવાર આયોજન

## ધોરણ - ૮

## અંગ્રેજી (પ્રથમ સત્ર)



shikshansagar.com

શિક્ષણ સાગર

The King of Education



આવા દરેક ધોરણના વિષયવાર આયોજન
શિક્ષણ સાગર એપ્લીકેશનમાં ઉપલબ્ધ છે.

**જૂન / જુલાઈ માસનું પાઠ આયોજન**
**ધોરણ : 8** વિષય: English

**પાઠનું નામ**:
Unit : 1 For Question

**અધ્યયન નિષ્પતિ :**

-અર્થપૂર્ણ સંવાદ કરે.
- નાટકીય સંવાદો, વ્યાવહારિક સંવાદો કરે.
- પોતાના પરિચય ક્ષેત્રમાં બનતી ક્રિયાઓ અને બનેલા પ્રસંગોની રજૂઆત કરે.
- ઘટના, પ્રસંગ વ્યકિત, સ્થળ અંગે પોતાની લાગણીઓ રજૂ કરે.
- અર્થપૂર્ણ સંદર્ભમાં રહેલા, શબ્દો, વાકયો અને પરિચ્છેદનું મૂકવાંચન અને મુખવાંચન કરે.
- માહિતી મેળવવા whose, which, what, who, where, when, how many જેવા પ્રશ્નો પૂછે અને જવાબ આપે.
- અપરિચિત વ્યકિતનો સામાન્ય પરિચય મેળવે.
- ઘટના, વાર્તા, પ્રક્રિયાની વિગતો તાર્કિક ક્રમમાં ગોઠવે.
- ઘટના, વાર્તાના પાત્રો, પાત્રોની લાક્ષણિકતા, સ્થળો, મુખ્ય ઘટના, ઘટનાક્રમની વિગતો તારવે.
- ઉલટા પ્રશ્નો પૂછે અને તેના જવાબ આપે.

**શૈક્ષણિક મુદ્દા :**

-Activity -1 સુનિતા વિલિયમ્સ સાથેના ઇન્ટરવ્યુંના સંવાદો
- Activity – 2 (A) પ્રશ્નોના સાચા જવાબ શોધી કરો.
- Activity – 2 (B) આપેલ વાકયોમાં લીટી દોરેલા શબ્દો જવાબ આવે તે રીતે પ્રશ્નો બનાવવા
- Activity – 3 Riddles નું વાંચન તથા તેના ઉત્તરો
- Activity – 4 Fast, Finger First રમત – વાંચન
- જોડકાં જોડો
- પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા
- વિધાનો ખરાં કે ખોટાં તેની ચર્ચા
- Activity – 5 કનૈયાલાલ મુનશીની જીવન રેખાનો અભ્યાસ માતા / પિતાની જીવન રેખાનો અભ્યાસ
- Activity – 6 (A) વાકયોને યોગ્યક્રમમાં ગોઠવવા
- Activity – 6 (B) ક્વિઝનું આયોજન
- Activity – 6 (C) પ્રશ્નોના ઉત્તરો માટે વિકલ્પ બનાવવા
- Activity – 6 (D) આપેલા વિકલ્પો માટે પ્રશ્નો બનાવવા

**શૈક્ષણિક સાધન :**

- પાઠય પુસ્તક
- ફોટોગ્રાફ્સ
- શિક્ષક આવૃતિ
- ચાર્ટસ
- ચિત્રો

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓ દ્વારા પાઠયપુસ્તકમાં આપેલ સુનિતા વિલિયમ્સ સાથેના ઈન્ટરવ્યુંના સંવાદોનું વાંચન કરાવીશ. જૂથમાં તમારા મિત્રના ઈન્ટરવ્યું વિશે લેખન કરવા જણાવીશ. આપેલા વાકયોનું વાચંન કરાવીશ. આપેલા વાકયોમાં જે પ્રશ્નોના જવાબ મળતા હોય તેની સામે ખરાંની નિશાની કરાવીશ. પાઠયપુસ્તકમાં આપેલા

વાક્યોમાં લીટી દોરેલ જવાબ આવે. તે રીતે પ્રશ્નો બનાવવા જણાવીશ. વિદ્યાર્થીઓ વાક્યો બનાવશે. પાઠ્ય પુસ્તકમાં આપેલ Riddles નું વાંચન કરાવીશ. તેના જવાબો શોધાવીશ. તે માટે ગૃપ બનાવીશ. વિદ્યાર્થીઓ જવાબ લખશે. First Finger First રમતનું વાંચન કરાવીશ. વિદ્યાર્થીઓને તે મુજબ રમત રમાડીશ. તેના આધારે A અને B જોડકાં જોડાવીશ. તેના આધારે પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓ પ્રશ્નોના ઉત્તરો લખશે. આપેલ વાક્યો ખરાં છે કે ખોટાં તે જણાવવા કહીશ. વિદ્યાર્થીઓને કનૈયાલાલ મુનશીની જીવનરેખાનો અભ્યાસ કરાવીશ. જયારે તમને મળે ત્યારે ઉદ્ભવતા પ્રશ્નોની યાદી બનાવવા જણાવીશ. તમારા માતા – પિતાની જીવનરેખા લખી લાવવા જણાવીશ. તેના આધારે વાક્યો બનાવવા જણાવીશ. વિદ્યાર્થીઓ પાસે આપેલ વાક્યોને યોગ્યક્રમમાં ગોઠવવા જણાવીશ. શાળામાં ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરાવીશ. વિદ્યાર્થીઓ તેમાં ભાગ લેશે. ટી.વી. પર આવતા ક્વિઝના કાર્યક્રમની નોધ કરી લાવવા જણાવીશ. વિદ્યાર્થીઓ પાસે પાઠ્ય પુસ્તકમાં આપેલા પ્રશ્નો વિકલ્પો માટે પ્રશ્નો બનાવવા જણાવીશ. વિદ્યાર્થીઓ સૂચના મુજબ કાર્ય કરશે.

**મૂલ્યાંકન**

- બીજા Riddles સંગ્રહ કરી લાવવા જણાવીશ.

- સ્પેલિંગો તૈયાર કરવા જણાવીશ.

- પ્રશ્નોના ઉત્તરો લખવા જણાવીશ. - વિદ્યાર્થીઓના પિતા / માતાની જીવનરેખા નોંધી લાવવા જણાવીશ.

| જૂન / જુલાઈ માસનું પાઠ આયોજન | |
|---|---|
| **ધોરણ : 8** | વિષય: English |

**પાઠનું નામ**:
Essay : શ્રુતલેખન

**અધ્યયન નિષ્પતિ :**
- ફકરાનું શ્રુતલેખન કરો.

**શૈક્ષણિક મુદ્દા :**
ફકરાનું શ્રુતલેખન

**શૈક્ષણિક સાધન :**
Text Book

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**
વિદ્યાર્થીઓને પાઠ્ય પુસ્તકમાંથી એક નાના ફકરાનું શ્રુતલેખન કરાવીશ. વિદ્યાર્થીઓ ફકરાનું શ્રવણ કરી શ્રુતલેખન કરશે.

**મૂલ્યાંકન**

- થયેલ ભૂલો સુધારી લાવવા જણાવીશ.

| ઓગષ્ટ માસનું પાઠ આયોજન | |
|---|---|
| **ધોરણ : 8** | વિષય: English |

**પાઠનું નામ**:
Unit – 2 LMBB : Learn more be brighter

**અધ્યયન નિષ્પતિ :**
- જોડકણાં, ગીતો, Action songs, Rhymes ગાય અને તેને આગળ વધારે
- ચિત્રોની વિગતોની સરખામણી કરે અને વર્ગીકરણ કરે
- વાર્તાઓ સાંભળે અને ટૂંકમાં કહે

- અર્થપૂર્ણ સંદર્ભમાં રહેલા શબ્દો, વાક્યો અને પરિચ્છેદનું મૂકવાંચન અને મુખ વાંચન કરે.
- માહિતી મેળવવા Whose, how, which, what, who, where, when, how many જેવા પ્રશ્નો પૂછે અને જવાબ આપે
- સામાજીક વિજ્ઞાનની વ્યવહારમાં વપરાતી સંકલ્પનાઓ ઓળખે.
- ઉલટ, ગ્રાફ, નકશો વાર્તાની વિગતોની સરખામણી વર્ગીકૃત કરે
- ઘટના, પ્રસંગ વ્યક્તિ સ્થળ અંગે પોતાની લાગણીઓ રજૂ કરે.

**શૈક્ષણિક મુદ્દા :**

- Activity – 1 કાવ્યનું ગાન
- Activity - 2 ચિત્ર તથા તેની માહિતીનો અભ્યાસ
- Activity – 2 ચિત્રનો અભ્યાસ પરથી ખાલી જગ્યા પુરો
- વાક્યો ખરાં કે ખોટાં
- ખરાં વિધાનની સામે ખરાંની નિશાની કરો.
- પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા
- Activity – 5 ઉદા. પ્રમાણે ખાલી જગ્યા પુરો
- Activity – 6 કૌંસના શબ્દોથી ખાલી જગ્યા પુરવી
- પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા
- Activity – 7 ગ્રાફનો અભ્યાસ
- Activity – 8 વર્ગખંડની માહિતીની નોંધ
- Project Work

**શૈક્ષણિક સાધન :**

- Text Book

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓ સમક્ષ કાવ્યનું ગાન કરીશ. વિદ્યાર્થીઓ સમુહગાન કરશે. પાઠ્ય પુસ્તકમાં આપેલ ચિત્ર બતાવીશ. વિદ્યાર્થીઓ ચિત્રનો અભ્યાસ કરશે. તેની માહિતીનું વાંચન કરાવીશ. આપેલ વાક્યો ખરાં છે કે ખોટાં તે નક્કી કરાવીશ. ચિત્રનો અભ્યાસ કરાવી તેના આધારે સાચા શબ્દો પસંદ કરી ખાલી જગ્યા પુરાવીશ. વિદ્યાર્થીઓ સમક્ષ વાર્તાનું કથન કરીશ. વારાફરતી વાર્તાનું વાંચન કરાવીશ. વાક્યો ખરાં છે કે ખોટાં તે જણાવીશ. પ્રશ્નોના ઉત્તર સાચાં વિકલ્પ પસંદ કરાવીશ. તેમને ખરાંની નિશાની કરાવીશ. પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓ પ્રશ્નોના ઉત્તરો લખશે. ઉદા. લખશે. કૌંસમાં આપેલ શબ્દોની મદદથી ખાલી જગ્યા પુરો. સામાજીક વિજ્ઞાનના શિક્ષકની મદદથી પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા કરાવીશ. વિદ્યાર્થીઓ પ્રશ્નોના ઉત્તરો લખશે. પાઠ્ય પુસ્તકમાં આપેલ ગ્રાફનો અભ્યાસ કરાવીશ. તેના આધારે આપેલ વાક્યો ખરાં છે કે ખોટાં તે જણાવવા કહીશ. વર્ગખંડના વિદ્યાર્થીઓની માહિતીની નોંધ કરાવીશ. પ્રોજેક્ટ કાર્ય જૂથમાં સોંપીશ. વિદ્યાર્થીઓ જૂથમાં પ્રોજેક્ટ કાર્ય કરશે.

**મૂલ્યાંકન**

કાવ્ય કંઠસ્થ કરવા જણાવીશ.
પ્રશ્નોના ઉત્તરો લખવા જણાવીશ.
પ્રોજેક્ટની માહિતીનો સંગ્રહ કરવા જણાવીશ.

**ઓગષ્ટ માસનું પાઠ આયોજન**
**ધોરણ : 8** વિષય : English

**પાઠનું નામ**:
Essay The Musician

**અધ્યયન નિષ્પતિ :**
- વાર્તા, અહેવાલ કે વર્ણન લખે.

**શૈક્ષણિક મુદ્દા :**
- The Musician વિશેના જીવન ચરિત્રની ચર્ચા તથા લેખન

**શૈક્ષણિક સાધન :**
-

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**
વિદ્યાર્થીઓ સાથે કોઇ એક Musician વિશે ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓ લેખનની નોટમાં Musician વિશે લખશે.

**મૂલ્યાંકન**

નિબંધ લેખન કરવા જણાવીશ.

**સપ્ટેમ્બર માસનું પાઠ આયોજન**
**ધોરણ : 8** વિષય : English

**પાઠનું નામ**:
- Unit – 3 What were you doings

**અધ્યયન નિષ્પતિ :**
- ચિત્રોની વિગતોની સરખામણી અને વર્ગીકરણ કરે.
- માહિતી મેળવવા માટે whose, how, which, what, where, when, how many જેવા પ્રશ્નો પૂછે અને જવાબ આપે.
- વાર્તાઓ સાંભળે અને ટૂંકમાં કહે.
- અર્થપૂર્ણ સંદર્ભમાં રહેલા શબ્દો, વાક્યો અને પરિચ્છેદનું મુકવાંચન અને મુખવાંચન કરે.
- પત્ર, ઇમેલ લખે અને તેનો જવાબ આપે
- ટેબલ, ગ્રાફ, નકશા, કાર્ડ, ફાર્મની માહિતી આ પ્રકારના બીજા સ્વરૂપોમાં રજૂ કરે.

**શૈક્ષણિક મુદ્દા :**
- Activity – 1 ચિત્રનું નિદર્શન કરી પ્રશ્નોના ઉત્તરો આપવા
- Activity – 2 'Vinu' વાર્તાનું વાંચન
- ચિત્રોનું વર્ણન કરી વાક્ય બનાવો.
- Activity – 3 letter નું વાંચન
- Activity – 4 phrases નું વાંચન તથા letter માંથી phrases શોધી લખવા.
- Activity – 5 પત્રના આધારે કોષ્ટક પૂર્તિ
- Activity – 6 Manisha ના ગઇકાલ તથા આજના કાર્યની સમીક્ષા તથા વાક્ય બનાવવા.
- Activity – 7 કોઇએક સ્થળની મુલાકાત અંગે મિત્રને પત્ર લેખન.

**શૈક્ષણિક સાધન :**
- Text Book
- શિક્ષક આવૃત્તિ
- ચિત્ર
- ચાર્ટસ

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**
વિદ્યાર્થીઓને પાઠ્ય પુસ્તકમાં આપેલ ચિત્ર (મેળાનું) વર્ણન કરાવીશ. તેના આધારે આપેલ પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓ પ્રશ્નોના ઉત્તર લખશે. પાઠ્ય

પુસ્તકમાં આપેલ 'Vinu' વાર્તાનું વાંચન કરાવીશ. આપેલ ચિત્રોના વર્ણન કરાવી વાક્યો બનાવવા જણાવીશ. આપેલ letter નું વાંચન કરીશ. વિદ્યાર્થીઓ દ્વારા વારાફરતી letter નું વાંચન કરાવીશ. પાઠ્ય પુસ્તકમાં આપેલ phrases લખવા જણાવીશ. આપેલ વાક્યો ખરાં છે કે ખોટાં તે લખવા જણાવીશ. પત્રના આધારે કોષ્ટક પૂર્ણ કરવા જણાવીશ. Activity - 3 માં આપેલ સરખી વસ્તુઓ તથા અલગ વસ્તુઓની યાદી બનાવી paragraph બનાવવા જણાવીશ. Manisha ના આજના તથા ગઇકાલના કાર્યની સમીક્ષા કરાવીશ. તેને આધારે વાક્ય બનાવવા જણાવીશ. સ્થળની મુલાકાત અંગે મિત્રને પત્ર લખવા જણાવીશ. આપેલ પ્રશ્નોને ધ્યાનમાં રાખવા જણાવીશ. વિદ્યાર્થીઓ આપેલ વિષય પર પત્ર લેખન કરશે.

**મૂલ્યાંકન**

- પ્રશ્નોના ઉત્તરો લખવા જણાવીશ.
- સ્પેલિંગો તૈયાર કરતાં જણાવીશ.
- વિદ્યાર્થી ગઇકાલ તથા આજ ના કાર્યની નોંધ કરવા જણાવીશ.
- તમે જોયેલા કોઇ એક સ્થળનું વર્ણન કરી લાવવા જણાવીશ.

**સપ્ટેમ્બર માસનું પાઠ આયોજન**

**ધોરણ : 8** વિષય : English

**પાઠનું નામ**:

- Essay A Fair

**અધ્યયન નિષ્પતિ :**

- વાર્તા, અહેવાલ કે વર્ણન લખે.

**શૈક્ષણિક મુદ્દા :**

- A Fair (મેળાનું) વર્ણન તથા ચર્ચા – લેખન

**શૈક્ષણિક સાધન :**

-

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓ પાસે જોયેલા કોઇ એક મેળાનું વર્ણન કરવા જણાવીશ. વિદ્યાર્થીઓ તે અંગે નિબંધ લેખન કરશે.

**મૂલ્યાંકન**

- નિબંધ લેખન કરવા જણાવીશ.

**સપ્ટેમ્બર માસનું પાઠ આયોજન**

**ધોરણ : 8** વિષય : English

**પાઠનું નામ**:

- A letter

**અધ્યયન નિષ્પતિ :**

- પત્ર, ઇમેલ લખે અને તેનો જવાબ આપે

**શૈક્ષણિક મુદ્દા :**

- જોયેલા સ્થળનું વર્ણન કરતો મિત્રને પત્ર લેખન.

**શૈક્ષણિક સાધન :**

-

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓએ જોયેલા કોઇ એક સ્થળનું વર્ણન કરતો પત્ર પોતાના મિત્ર ને લખવા જણાવીશ. માર્ગદર્શન આપીશ. વિદ્યાર્થીઓ પત્ર લેખન કરશે.

**મૂલ્યાંકન**

- પત્રલેખન કરવા જણાવીશ.

**ઓક્ટોબર/ નવેમ્બર માસનું પાઠ આયોજન**
**ધોરણ : 8** વિષય : English

**પાઠનું નામ**:

- Unit – 4 Sun Tour

**અધ્યયન નિષ્પતિ :**

- વાર્તાઓ સાંભળે, ટૂંકમાં કહે.
- અર્થપૂર્ણ સંવાદ કરે.
- નાટકીય સંવાદો, વ્યવહારિક સંવાદો કરે.
- ભૌગોલિક વિગતો ઓળખે.
- અર્થપૂર્ણ સંદર્ભમાં રહેલા શબ્દો વાક્યો અને પરિચ્છેદનું મૂકવાંચન અને મુખવાંચન કરે.
- ઘટના, પ્રસંગ, વ્યક્તિ, સ્થળ અંગે પોતાની લાગણીઓ રજૂ કરે.
- ઉચ્ચારના શબ્દો વચ્ચે સબંધ તારવે.
- ઉલટ પ્રશ્નો પૂછે અને તેના જવાબ આપે.
- ઘટના, વાર્તા, વિગતો અને કાર્ય – કારણ સબંધ તારવે.
- ચિત્રોની વિગતોની સરખામણી અને વર્ગીકરણ કરે.
- શબ્દો, શબ્દ સમુહો અને અન્ય માહિતી પરથી પરિચ્છેદ લખે.

**શૈક્ષણિક મુદ્દા :**

- Activity – 1 ચિત્ર વાર્તાનું કથન
- Activity – 2 સંવાદોનું વાંચન તથા ભજવવા
- Activity – 3 સૂર્યની માહિતીનું વાંચન
- Activity – 4 solar Energy વિશે વાંચન
- જોડકાં જોડા
- ખરાં – ખોટાં વિધાનો
- સરખા અર્થવાળા વાક્યો શોધવા
- Activity – 5 A અને B માં આપેલ ખાલી જગ્યા યોગ્ય રીતે પૂરો.
- ઉદાહરણ પ્રમાણે પ્રશ્ન બનાવવા
- Activity – 6 Have you been Unique ? ની રમત
- Activity – 7 Clues ને આધારે વાક્યો બનાવવા.
- બે કલાક પહેલાં પરીક્ષાની તૈયારી કરવી.
- Activity – 8 ચિત્રમાં Sun વિશે આપેલ શબ્દોના આધારે વાક્યો બનાવવા.

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્ય પુસ્તક
- શિક્ષક આવૃતિ

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓ સમક્ષ પાઠ્ય પુસ્તકમાં આપેલ ચિત્ર વાર્તાનું કથન કરીશ. વિદ્યાર્થીઓ શ્રવણ કરશે. આપેલ સંવાદોનું વિરોધીઓ પાસે વાંચન કરાવીશ. સંવાદો ગ઼માં ભજવવા જણાવીશ. સૂર્ય વિશે આપેલ માહિતી વાંચવા જણાવીશ. વિદ્યાર્થીઓ તે વિશે વાંચી માહિતી જાણશે. Solar Engergy એકમનું વાંચન કરીશ. વિદ્યાર્થીઓ પાસે વ્યક્તિગત વાંચન કરવા જણાવીશ. આપેલ વિધાનો સાચાં છે કે ખોટાં તે એકમને આધારે જણાવવા કહીશ. ખોટાં વિધાનોની નીચે સાચો વિધાનો લખવા જણાવીશ. આપેલ વાક્યો વાંચવા જણાવીશ. એકમમાંથી સરખા અર્થવાળા બીજા વાક્યો શોધવા જણાવીશ. A અને B માં આપેલ વિધાનો સાચાં બને તે રીતે A અને B ની ખાલી જગ્યા પુરાવીશ. Ali ને સોંપેલા કાર્યોમાંથી કરેલા કાર્યોની સામે

શિક્ષણ સાગર

સાચાની તથા ન કરેલા કાર્યોની સામે ખોટાની નિશાની કરેલ છે. તેને આધારે ઉદાહરણ પ્રમાણે પ્રશ્ન બનાવવા જણાવીશ. Have you been unique ? ની રમત સમુહમાં રમાડીશ. વિદ્યાર્થીઓ પાસે જૂથમાં ૧૦ પ્રશ્નો બનાવવા જણાવીશ. અને મિત્રોને પૂછવા જણાવીશ. પાઠ્ય પુસ્તકમાં આપેલ clues ને આધારે વાક્યો બનાવવા જણાવીશ. વિદ્યાર્થીઓ વાક્ય બનાવશે. વાર્ષિક પરીક્ષાના બે કલાક બાકી છે તે માટે કેવી રીતે તૈયારી કરી તે વિશે paragraph લખવા જણાવીશ. વિદ્યાર્થીઓ તે વિશે લખશે. Sun વિશે ચિત્રમાં આપેલા શબ્દોની મદદથી વાક્યો બનાવવા જણાવીશ. તે પરથી Sun વિશે paragraph બનાવવા જણાવીશ. તે વિદ્યાર્થીઓ Sun વિશે લેખન કરશે.

**મૂલ્યાંકન**

- સૂર્ય વિશે માહિતી સંગ્રહ કરી લાવવા જણાવીશ.
- સ્પેલિંગ તૈયાર કરવા જણાવીશ.
- Sun વિશે ૧૦ વાક્યો લખવા જણાવીશ.

**ઓક્ટોબર/ નવેમ્બર માસનું પાઠ આયોજન**
**ધોરણ : ૮** વિષય : English

**પાઠનું નામ**:
- Essay Solar Energy

**અધ્યયન નિષ્પતિ :**
- વાર્તા, અહેવાલ કે વર્ણન લખે.
- ઘટના, મુખ્ય ઘટના, ઘનાક્રમની વિગતો તારણો

**શૈક્ષણિક મુદ્દા :**
- Solar Energy વિશે ચર્ચા તથા લેખન

**શૈક્ષણિક સાધન :**
-

**શિક્ષક વિદ્યાર્થીની પ્રવૃત્તિ :**
વિદ્યાર્થીઓ વિશે Solar Energy વિશે ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓ લેખનની નોટમાં Solar Energy વિશે લખશે.

**મૂલ્યાંકન**
નિબંધ લેખન કરવા જણાવીશ.

**ઓક્ટોબર/ નવેમ્બર માસનું પાઠ આયોજન**
**ધોરણ : ૮** વિષય : English

**પાઠનું નામ**:
- Revision – 1

**અધ્યયન નિષ્પતિ :**
-

**શૈક્ષણિક મુદ્દા :**
- Revision માં આપેલા પ્રશ્ન – ૧ થી ૧૦ ની ચર્ચા વિદ્યાર્થીઓ દ્વારા લેખન

**શૈક્ષણિક સાધન :**
- Text Book

**શિક્ષક વિદ્યાર્થીની પ્રવૃત્તિ :**
વિદ્યાર્થીઓ સાથે Revision માં આપેલા પ્રશ્ન ૧ થી ૧૦ ની ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓ Revision માં આપેલ ઉત્તરો લખશે.

**મૂલ્યાંકન**
- પ્રશ્નોના ઉત્તરો લખવા જણાવીશ.

શિક્ષણ સાગર

# વાર્ષિક માસવાર આયોજન

શિક્ષકો વિધાર્થીઓ માટે તમામ શૈક્ષણિક મટીરીયલ્સ એક જ જગ્યાએ મેળવવા **શિક્ષણસાગર એપ્લિકેશન** ડાઉનલોડ કરો.



shikshansagar.com
શિક્ષણ સાગર
The King of Education



**આવા દરેક ધોરણના વિષયવાર આયોજન શિક્ષણ સાગર એપ્લીકેશનમાં ઉપલબ્ધ છે.**